# 34 IAS અધિકારીઓને ચૂંટણી નિરીક્ષકની કમાન

**સ્થાનિક** સ્વરાજ્યની ચૂંટણી માટે ચૂંટણી આયોગ સજ્જ

ગાંધીનગર : રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને મુક્ત, ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં સંપન્ન કરાવવા માટે રાજ્ય ચૂંટણી આયોગે કમર કસી છે. ચૂંટણી પ્રક્રિયા પર બાજ નજર રાખવા માટે આયોગ દ્વારા રાજ્યના 34 જેટલા સિનિયર અને અનુભવી IAS અધિકારીઓની ચૂંટણી નિરીક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી છે.

અમદાવાદ અને સુરત માટે દિગ્ગજ અધિકારીઓની પસંદગીવહીવટી દ્રષ્ટિએ અત્યંત મહત્વની અને સંવેદનશીલ ગણાતી અમદાવાદ મહાનગરપાલિકા માટે સીનીયર આઈએએસ અવંતિકા સિંઘની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે સુરત મનપા, જિલ્લા પંચાયત અને બારડોલી સહિતની નગરપાલિકાઓની જવાબદારી વરિષ્ઠ અધિકારી વિનોદ રાવને સોંપાઈ છે.

### ક્યા શહેરમાં કોને મળી જવાબદારી ?

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ વિવિધ મહાનગરોમાં નિરીક્ષકોની યાદી નીચે મુજબ છે

● **વડોદરા મનપાઃ** લોચન શહેરા ● **રાજકોટ મનપાઃ** આલોક કુમાર પાંડે ● **ભાવનગર મનપાઃ** કું. આદ્રા અગ્રવાલ ● **મહેસાણા મનપાઃ** શ્રીમતી એન. પી. પાટડિયા ● **નવસારી અને વાપી મનપાઃ** વી. સી. બાગુલ ● **સુરેન્દ્રનગર મનપાઃ** એ. એસ. મંડોત ● **મોરબી મનપાઃ** જી. વી. મિયાણી ● **નડિયાદ મનપાઃ** કું. એ. યુ. મકવા ● **આણંદ-કરમસદ મનપાઃ** એ. એ. ડોડિયા ● **પોરબંદર મનપાઃ** સી. ડી. રાઠવા

આ નિરીક્ષકોને આચારસંહિતાનો ચુસ્ત અમલ કરાવવા અને ચૂંટણી દરમિયાન થતી કોઈપણ પ્રકારની ગેરરીતિ અટકાવવા માટે વિશેષ સત્તા આપવામાં આવી છે. તેઓ ઉમેદવારી પત્રોની ચકાસણી, મતદાન મથકોની વ્યવસ્થા, સુરક્ષા અને મતગણતરી જેવી તમામ પ્રક્રિયાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરશે. રાજ્ય ચૂંટણી આયોગે તમામ નિરીક્ષકોને કોઈપણ રાજકીય દબાણમાં આવ્યા વગર સ્વતંત્ર અને તટસ્થ રીતે કામગીરી કરવા સૂચના આપી છે. આ નિમણૂકોનો મુખ્ય ઉદ્દેશ્ય લોકશાહીના મૂલ્યોને જાળવી રાખવાનો અને નાગરિકો નિર્ભય બનીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તેવો માહોલ તૈયાર કરવાનો છે. સચિવાલયના વહીવટી વર્તુળોમાં આ નિર્ણયને ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા વધારવા માટેનું એક મજબૂત પગલું માનવામાં આવી રહ્યું છે.

# CBSE : OECMS પોર્ટલમાં 13મી સુધી ભૂલ સુધારાશે

**બોર્ડ** પરીક્ષા 2026 માટે કેન્દ્રોની માહિતી ચકાસવા સૂચના

**ખોટી** એન્ટ્રીને કારણે ચૂકવણીમાં સમસ્યા ટાળવા મહત્ત્વપૂર્ણ નિર્ણય

સુરતઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા પરીક્ષા કેન્દ્ર તરીકે નિર્ધારિત તમામ શાળાઓના પ્રિન્સિપાલ અને સેન્ટર સુપરિન્ટેન્ડન્ટને OECMS (ઓનલાઈન એક્ઝામિનેશન સેન્ટર મેનેજમેન્ટ સિસ્ટમ) પોર્ટલમાં નોંધાયેલી માહિતીની ચકાસણી અને સુધારા કરવા માટે સમયમર્યાદા આપવામાં આવી છે.

CBSE દ્વારા જણાવાયું છે કે બોર્ડ પરીક્ષા 2026 પૂર્ણ થયા બાદ પરીક્ષા કેન્દ્રોને અંતિમ ચૂકવણી કરવા માટે ઈન્ટીગ્રેટેડ પેમેન્ટ સિસ્ટમ (IPS) શરૂ કરવામાં આવશે. આ સિસ્ટમમાં ચુકવણી માટે જરૂરી માહિતી જેમ કે ફરજ પર મુકાયેલા સ્ટાફ, હાજર અને ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા, ઉપયોગમાં લેવાયેલા રૂમોની સંખ્યા વગેરે સીધી OECMS પોર્ટલમાંથી લેવામાં આવશે. ગત વર્ષોમાં ઘણા કેન્દ્રો દ્વારા ખોટી માહિતી દાખલ કરવાના કે કોઈ દિવસની માહિતી અધૂરી રાખવાના કારણે IPSમાં ખોટા ક્લેમ નોંધાયા હતા, જેના કારણે ચૂકવણીમાં વિલંબ અથવા તકલીફો સર્જાઈ હતી. આ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને CBSEએ તમામ પરીક્ષા કેન્દ્રોને પોતાની માહિતી ચકાસવા અને જરૂર હોય ત્યાં સુધારા કરવા સૂચના આપી છે. CBSE અનુસાર, કોઈપણ પ્રકારની ભૂલ સુધારવા માટે સંબંધિત રીજનલ ઓફિસને 11 એપ્રિલ, 2026 સુધીમાં વિનંતી કરવી ફરજિયાત છે. તેમજ, તમામ સુધારા અને બાકી માહિતી 13 એપ્રિલ, 2026 સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. આ સમયમર્યાદા બાદ કોઈપણ કેન્દ્રની વિનંતી સ્વીકારવામાં આવશે નહીં.

# આપના મોટા નેતા રાજુ કરપડાએ કેસરિયો ધારણ કર્યો

**ચૂંટણી** પહેલાં સૌરાષ્ટ્રમાં આપને મોટો ઝાટકો

ગાંધીનગર : રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો માહોલ જામી રહ્યો છે, ત્યારે સૌરાષ્ટ્રના રાજકારણમાં એક મોટા સમાચાર સામે આવ્યા છે. આમ આદમી પાર્ટી (AAP)ના પૂર્વ કદાવર ખેડૂત નેતા રાજુ કરપડા આજે વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે.

ગાંધીનગર સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે આપના પૂર્વ અગ્રણી રાજુ કરપડા પોતાના સેંકડો સમર્થકો સાથે તેમણે કેસરિયો ખેસ પહેર્યો હતો.

ફેબ્રુઆરી મહિનામાં જ્યારે રાજુ કરપડાએ AAP સાથે છેડો ફાડ્યો ત્યારે જ અટકળો તેજ બની હતી. શરૂઆતમાં તેઓ કોંગ્રેસમાં જશે તેવી ચર્ચાઓ હતી, પરંતુ આખરે તેમણે ભાજપની વિકાસની રાજનીતિ પર પસંદગી ઉતારી છે. ભાજપ પ્રદેશ મહામંત્રી અનિરૂદ્ધ દવેએ તેમને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

કેસરિયો ધારણ કર્યા બાદ રાજુ કરપડાએ જણાવ્યું હતું કે, હું 2017-18થી ખેડૂતોના હક માટે લડું છું. 2021માં એક સ્વપ્ન સાથે રાજકીય પાર્ટીમાં જોડાયો હતો કે ખેડૂતોનો અવાજ બુલંદ કરી શકીશ. પરંતુ જેલમાં રહ્યા બાદ મંથન કરતાં મને સમજાયું કે જો ખરેખર ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા હોય અને ખેતર સુધી પાણી પહોંચાડવું હોય, તો સરકાર સાથે રહીને જ તે શક્ય છે.

કરપડાએ ભાજપ સરકારના રૂ.25 હજાર કરોડના ઐતિહાસિક રાહત પેકેજ અને ખેડૂતોના ખાતામાં સીધી સહાય આપવાના અભિગમના પણ વખાણ કર્યા હતા.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટિકિટ મળશે કે કેમ તેવા પ્રશ્ન પર કરપડાએ સ્પષ્ટતા કરી હતી કે, હું ટિકિટની લાઈનમાં ક્યારેય નહોતો. હવે હું ભાજપનો એક વફાદાર સૈનિક છું, ટિકિટનો નિર્ણય પક્ષ કરશે. મારું લક્ષ્ય માત્ર ખેડૂત કલ્યાણ છે.

રાજુ કરપડાની સાથે વિવિધ સમાજના અગ્રણીઓ અને 50થી વધુ મુખ્ય સમર્થકો પણ ભાજપમાં જોડાતા સૌરાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોમાં ભાજપની પકડ વધુ મજબૂત થવાની શક્યતા છે. આ પ્રસંગે ભાજપના

પ્રદેશ મહામંત્રી અનિરૂદ્ધ દવે, પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફીયા, ભરત બોઘરા ,પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. અનિલભાઈ પટેલ અને પ્રશાંત વાળા પણ ઉપસ્થિત રહયા હતા.

**ચાંદખેડામાં ઢોસો ખાવાથી શંકસ્પદ મૃત્યુનો મામલો**

# ઢોસાના ખીરામાં ઝેરી પદાર્થની હાજરી મળી

**હત્યા** કે આત્મહત્યાની દિશામાં પણ તપાસ

અમદાવાદ : અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ઢોસો ખાવાથી બે માસૂમ બાળકીના શંકાસ્પદ મોત મામલે મોટો વળાંક આવ્યો છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ના પ્રાથમિક રિપોર્ટમાં ઝેરી પદાર્થની હાજરી સામે આવતા હવે પોલીસની તપાસ હત્યા કે સામુહિક આત્મહત્યાની દિશામાં તપાસ શરૂ કરી છે. આ અંગે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ચાંદખેડાની મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ અને તેમની પત્ની ભાવના પ્રજાપતિએ ઘનશ્યામ ડેરીમાંથી ઢોસાનું ખીરું લાવી, તેમાંથી બનેલા ઢોસા પરિવારના તમામ સભ્યોએ લીધા હતા. ભોજન બાદ અચાનક તમામની તબિયત બગડી ગઈ હતી, જેમાં 3 મહિનાની રાહા અને 4 વર્ષની મીશ્રી નામની બાળકીનું મોત થયું હતું, જ્યારે માતા-પિતા ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પ્રાથમિક તપાસમાં ડેરીમાંથી લાવવામાં આવેલા ખીરાને કારણે ફૂડ પોઈઝનિંગ થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ તપાસ દરમિયાન ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. વિમલભાઈ અને ભાવના પ્રજાપતિના બ્લડ સેમ્પલના FSL રિપોર્ટમાં એલ્યુમિનિયમ ફોસ્ફેટ જેવા ઝેરી પદાર્થની હાજરી જણાઈ છે. આ દવા સામાન્ય રીતે અનાજમાં જીવાતો રોકવા માટે ઉપયોગમાં લેવાય છે. તપાસમાં જાણવા મળ્યું છે કે થોડા દિવસો પહેલા વિમલ પ્રજાપતિ આવી જ દવા ઘઉં માટે લાવ્યા હતા. તેથી હવે પોલીસ આ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ ઝેરી પદાર્થ ખોરાકમાં ભળ્યો હતો કે અન્ય કોઈ રીતે તેનો ઉપયોગ થયો હતો.

**ચૂંટણી ટાણે જ ગુજરાતમાં મોટો રાજકીય વિસ્ફોટ**

# ચૂંટણી રોકવા દિનેશ બાંભણિયા સુપ્રીમ પહોંચ્યા

**27%** અનામતને પડકાર વડી અદાલતમાં પડકાર





ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે અને ઉમેદવારોના નામ જાહેર થઈ રહ્યા છે, ત્યારે જ એક એવો ટ્વિસ્ટ આવ્યો છે જે આખી ચૂંટણી પ્રક્રિયાને અટકાવી શકે છે. પાટીદાર આંદોલનના અગ્રણી નેતા દિનેશ બાંભણિયાએ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. આ અરજીએ રાજ્યના રાજકીય આલમમાં ભારે હલચલ મચાવી દીધી છે. આવતીકાલે દેશની સર્વોચ્ચ અદાલત ગુજરાતની આ ચૂંટણીને ગ્રીન સિગ્નલ આપે છે કે પછી બ્રેક મારે છે ! રાજયમાં આગામી તા.26 મી એપ્રિલના રોજ મતદાન અને 28 મી એપ્રિલના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે.

દિનેશ બાંભણિયાએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં માત્ર ચૂંટણી રોકવાની જ નહીં, પરંતુ રાજ્યમાં અમલી 27 ટકા ઓબીસી (OBC) અનામત નીતિને પણ પડકારી છે. તેમનો દાવો છે કે વર્તમાન અનામત વ્યવસ્થા સમાનતા અને ન્યાયના સિદ્ધાંતો સાથે સુસંગત નથી, તેથી તેની નવેસરથી સમીક્ષા થવી અનિવાર્ય છે.

### શા માટે આ અરજી મહત્ત્વની છે ?

● ચૂંટણી પર જોખમઃ મતદાનના ગણતરીના દિવસો બાકી છે ત્યારે સ્ટે આવે તો કરોડોનો ખર્ચ અને તૈયારીઓ એળે જઈ શકે.
● અનામતનો મુદ્દોઃ 27% અનામતને પડકારવાથી રાજ્યના સામાજિક સમીકરણો પર મોટી અસર પડી શકે છે.
● ન્યાયિક વળાંકઃ ચીફ જસ્ટિસની બેન્ચ આ મામલે શું વલણ અપનાવે છે તેના પર સમગ્ર ગુજરાતની મીટ મંડાયેલી છે.

દિનેશ બાંભણિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને આ અંગે માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજની હાલની ચૂંટણી રોકવા અને અનામત નીતિને પડકારતી મારી અરજી પર આવતીકાલે ૧૦ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાની ચીફ કોર્ટ માં સુનાવણી હાથ ધરાશે.

રાજકીય ગણિતો બગડવાની ભીતિ આવતીકાલે દેશની સર્વોચ્ચ અદાલત ગુજરાતની આ ચૂંટણીને ગ્રીન સિગ્નલ આપે છે કે પછી બ્રેક મારે છે !તેના પર સૌની નજર છે. 27 ટકા અનામતની નીતિ ગુજરાતમાં લાંબા સમયથી અમલમાં છે અને તે વિવિધ વર્ગોના પ્રતિનિધિત્વ માટે મહત્વની મનાય છે. પરંતુ બાંભણિયાની આ કાનૂની લડાઈએ અનામતના મુદ્દે રાજ્યમાં ફરીથી સામાજિક મંથન અને રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દોર શરૂ કરી દીધો છે.

# LPGના નિયમોમાં સુધારાથી ઔદ્યોગિક એકમોને લાભ

**સરેરાશ** વપરાશના ૭૦% સુધી બલ્ક LPG મેળવી શકશે

ગાંધીનગર : ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા અને ગેસ પુરવઠાની વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે રાજ્ય સરકારના અન્ન, નાગરિક પુરવઠા વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પરામર્શમાં રહીને ઔદ્યોગિક એકમો માટે બલ્ક બિન-ઘરેલું LPG ના નિયમોમાં મોટા સુધારા જાહેર કરવામાં આવ્યા છે. નવા નિયમો મુજબ, આ એકમો માર્ચ ૨૦૨૬ પહેલાના તેમના સરેરાશ વપરાશ સ્તરના ૭૦% સુધી બલ્ક LPG મેળવી શકશે. સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્ર માટે પુરવઠાની કુલ મર્યાદા ૦.૨ TMT/દિવસ નિર્ધારિત કરવામાં આવી છે.

ફાળવણી માટેની મુખ્ય શરતો એવા એકમોને પહેલી પસંદગી આપવામાં આવશે જ્યાં ઉત્પાદન પ્રક્રિયામાં LPG અનિવાર્ય છે અને કુદરતી ગેસ (PNG) તેનો વિકલ્પ બની શકે તેમ નથી.

સુવિધા મેળવવા ઈચ્છતા એકમોએ જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપની (OMC) પાસે નોંધણી કરાવવી ફરજિયાત છે.

એકમોએ PNG કનેક્શન માટે અરજી કરેલી હોવી જોઈએ, જોકે ઉત્પાદન પ્રક્રિયામાં LPG અનિવાર્ય હોય તેવા કિસ્સામાં આ શરતમાંથી મુક્તિ મળી શકે છે.

### ક્યા ઉદ્યોગોને થશે સીધો ફાયદો?

● ફાર્મા અને ફૂડ પ્રોસેસિંગ
● સિરામિક, ગ્લાસ અને સ્ટીલ
● પોલિમર, પેકેજિંગ અને પેઇન્ટ
● કૃષિ અને એરોસોલ એકમો
નવી જોગવાઈઓ અને મર્યાદા

# પતિ અને પત્નીએ 'વો' પાસેથી રૂ. ૨.૫૯ લાખ પડાવ્યા

**પુણાગામના** યુવકને બ્લેકમેલ કરનાર વ્યાસ દંપતી સહિત ત્રણ સામે ગુનો નોંધાયો



સુરતઃ પુણાગામ વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ યુવક સાથે નજીકનો સંબંધ કેળવ્યા બાદ તેના પતિ અને મિત્ર સાથે મળી તેને બ્લેકમેલ કરી અઢી લાખ વસૂલી લીધા હતાં.

પુણાગામના નારાયણનગરમાં રહેતા અને હીરા મજૂરી કરી ગુજરાન ચલાવતા ૩૩ વર્ષીય ભાવેશ દેવશીભાઇ ચુડાસમાને સપના મનોજભાઈ વ્યાસ નામની મહિલાએ પ્રેમજાળમાં ફસાવ્યો હતો. થોડા સમય બાદ આ સંબંધમાં સપનાના પતિ મનોજ જયંતી વ્યાસ અને તેમના સાથીદાર રાકેશ પાનસુરીયાની એન્ટ્રી થઈ હતી. ત્રણેય આરોપીઓએ ભાવેશને આ સંબંધો જાહેર કરી દેવાની અને બદનામ કરવાની ધમકી આપી બ્લેકમેલિંગ શરૂ કર્યું હતું. આરોપીઓએ અલગ-અલગ સમયે ભાવેશ પાસેથી રોકડા રૂ. ૧,૫૦,૦૦૦ પડાવ્યા હતા. એટલું જ નહીં, આજકાલના ડિજિટલ યુગમાં પુરાવા ન રહે તે માટે આરોપીઓએ ચતુરાઇ વાપરી ગૂગલ પે અને ફોન પે જેવા માધ્યમોથી પણ રૂ. ૧,૦૯,૨૪૯ ટ્રાન્સફર કરાવ્યા હતા. આમ, ત્રિપુટીએ કુલ રૂ. ૨,૫૯,૨૪૯ ખંખેરી લીધા હતા. તેમની વારંવારની માંગણીથી કંટાળી ભાવેશ ચુડાસમાએ કરેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ શરુ કરી છે.

### ભેસ્તાન આવાસ પાસે વૃદ્ધ પર ચપ્પુથી હુમલો કરનાર બે પકડાયા

સુરત : મોટરસાયકલ પર આવી વૃદ્ધ વોચમેનને આંતરનાર બેને ડિંડોલી પોલીસે ઝડપી લીધા હતા.

ગઈ તારીખ 06/04/2026ના રોજ પાલિકાની શાળાના વોચમેન લોટનભાઈ ખેરનારને મોટરસાઈકલ પર આવેલા યુવાનોએ ચપ્પુના ઘા મારી દીધા હતા. આ બનાવનો ગુનો નોંધાતા ડિંડોલી પોલીસે સજ્જાદ ઉર્ફે સાહબાન શકીલ શેખ (ઉ.વ. 22, રહે. ભેસ્તાન આવાસ, ડિંડોલી) તથા સિકંદર ઉર્ફે સલમાન નાયા સલીમ શેખ (ઉ.વ. 19, રહે. ભેસ્તાન આવાસ, ડિંડોલી)ને ઝડપી લીધા છે.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ જણાવ્યું હતું કે, મોજશોખ પૂરા કરવા માટે તેમણે વહેલી સવારે એકલદોકલ વ્યક્તિને નિશાન બનાવવાનું નક્કી કર્યું હતું. લોટનભાઈને એકલા જોઈ તેમણે રોક્યા હતા અને પૈસાની માંગણી કરી હતી. વૃદ્ધે પ્રતિકાર કરતા સજ્જાદે ઉશ્કેરાઈને ચપ્પુ વડે હુમલો કર્યો હતો.

# RTO ઈ-ચલણ મોકલી લાખો પડાવતી 'જામતારા ગેંગ' ઝડપાઈ

**વોટ્સએપ** પર APK ફાઇલ મોકલી હાઈજેક કરતા હતા મોબાઈલ ,એક જ ઝાટકે ફરિયાદીના ખાતામાંથી ૯.૬૦ લાખ સાફ કર્યા

**પકડાયેલા** બે આરોપીઓ ૨ દિવસના રિમાન્ડ પર

સુરતઃ સુરત સાયબર ક્રાઈમ સેલે જામતારા ગેંગના બે ઠગોને મુંબઈથી ઝડપી લીધા છે. આરોપીઓએ આરટીઓનું બનાવટી ઈ-ચલણ મોકલી સુરતના એક નાગરિકના બેંક ખાતામાંથી ગણતરીની મિનિટોમાં ૯.૬૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. ડિસેમ્બર મહિનામાં સુરતના નાગરિકના વોટ્સએપ પર RTOનું ઈ-ચલણ ભરવા માટે 'DIGITAL RTO CHALLAN-1.apk' નામની ફાઈલ મોકલવામાં આવી હતી. ફરિયાદીને લાગ્યું કે ખરેખર ટ્રાફિક દંડ આવ્યો છે, જેથી તેમણે જેવી આ ફાઈલ ઓપન કરી કે તરત જ આરોપીઓએ તેમના મોબાઈલનો એક્સેસ મેળવી લીધો હતો. તા. ૩૦/૧૨/૨૦૨૫ના રોજ ફરિયાદીના HDFC બેંકના એકાઉન્ટમાંથી તેમની જાણ બહાર કુલ રૂ. ૯,૬૦,૦૦૦/- અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ઉપાડી લેવામાં આવ્યા હતા.

### એક વિદ્યાર્થી પણ ઓનલાઇન ઠગાઇમાં સક્રિય

આરોપી નિલેશ રત્નાકર નારાયણ કલમ્બે (ઉ.વ. ૪૨, ધંધો રિક્ષા ડ્રાઈવર, રહે. કરણીક પ્લોટ, સીજીએસ કોલોની નજીક, ઘાટકોપર વેસ્ટ, મુંબઈ મહારાષ્ટ્ર, મૂળ વતન વડગાવ કાછીમ્બે, તા. આંબેગાવ, જી. પુણે. આરોપીએ સહ આરોપી વૈષ્ણવ સંજય રામચંદ્ર દાંગડ સાથે મળીને સાયબર ફ્રોડ માટે યશ બેંકમાં પોતાના નામે એકાઉન્ટ ખોલાવ્યું હતું. આ ખાતામાં ફરીયાદી દ્વારા રૂ. ૯.૬૦ લાખ ટ્રાન્સફર થયા હતા. બાદમાં આરોપી અને તેના સાથીદારે બેંકમાં જઈ ચેક તથા ATM મારફતે રકમ ઉપાડી, તેમાંમાંથી પોતાનું કમિશન રાખી બાકીની રકમ અન્ય ફરાર આરોપીને આપી હતી. તથા વૈષ્ણવ સંજય રામચંદ્ર દાંગડ (ઉ.વ. ૧૮, વિદ્યાર્થી, રહે. નવી તિરુપતિ સોસાયટી, બી વિંગ, બિલ્ડિંગ નં. ૪, નિત્યાનંદ નગર લિંક રોડ, યુ.પી. લોન્ડ્રી અને રેલ્વે લાઇન પાસે, ઘાટકોપર વેસ્ટ, મુંબઈ) આરોપીએ નાસતા ફરતા શખ્સના સૂચન મુજબ સાયબર ફ્રોડ માટે સહ આરોપી નિલેશ રત્નાકર નારાયણ કલમ્બેના નામે યશ બેંકમાં એકાઉન્ટ ખોલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ખાતામાં ફરીયાદીશ્રીના રૂ. ૯.૬૦ લાખ ટ્રાન્સફર થયા હતા. બાદમાં આરોપી અને તેના સાથીએ બેંકમાં જઈ ચેક તથા ATM મારફતે રકમ ઉપાડી, પોતાનું કમિશન રાખીને બાકીની રકમ ફરાર આરોપીને સોંપી હતી. પોલીસ તપાસમાં આરોપીની સંડોવણી સ્પષ્ટ થઈ છે.

### મોપેડ પર ગાંજાની હેરાફેરી કરનાર ઝડપાયો

સુરત : અશ્વિનીકુમાર પોલીસે ગાંજાની હેરાફેરી કરનારને ઝડપી પાડ્યો હતો. એક વ્યક્તિ ગ્રે કલરની મોપેડ પર ગાંજાનો જથ્થો લઈને પ્રમુખ સ્વામી બ્રિજ નીચે રેલવે પટરી પાસેથી સરસ્વતી સર્કલ તરફ જવાનો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી ગોઠવી અને શંકાસ્પદ વ્યક્તિને રોકી તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન હરેશભાઈ જાદવભાઈ સોનારિયા નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી અંદાજે રૂ. ૫ હજારનો ગાંજો મળી આવ્યો હતો. ઉપરાંત એક મોપેડ, મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ રૂ. ૪૮ હજારથી વધુનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. આ કામગીરી ઈન્સ્પેક્ટર એચ.બી.પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

### કોસાડ આવાસમાં બિનવારસી મોપેડમાંથી ૮ કિલોથી વધુનો ગાંજો મળ્યો

સુરતઃઅમરોલી પોલીસે કોસાડ આવાસ વિસ્તારમાંથી એક મોપેડમાંથી ૮ કિલોથી વધુ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે.

કોસાડ આવાસ એચ-૩ બિલ્ડિંગ નંબર ૨૧૭ પાસે એક મોપેડમાં નશીલા પદાર્થનો જથ્થો લાવવામાં આવ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે બિલ્ડિંગ પાસે ઉભેલી શંકાસ્પદ બર્ગમેન મોપેડ (રજી. નં- GJ-05-TX-4765) ની તલાશી લેતા તેમાંથી પ્લાસ્ટિકની બેગમાં છુપાવેલો ૮.૧૫૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ગાંજાની કિંમત અંદાજે રૂ. ૪,૦૭,૫૦૦ જેટલી થવા જાય છે. પોલીસે ગાંજાનો જથ્થો અને રૂ. ૭૦ હજારની કિંમતનું મોપેડ મળી કુલ રૂ. ૪,૭૭,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસના જણાવ્યા અનુસાર, અજાણ્યો ઈસમ પોલીસની રેડ પડે તે પહેલા જ મોપેડ અને ગાંજાનો જથ્થો ત્યાં મૂકીને નાસી છૂટ્યો હતો. આ કાર્યવાહી અમરોલી પોલીસ સ્ટેશનના પીઆઈ જે.બી. વનારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી

### ચાલુ લિફ્ટમાં માથુ બહાર કાઢ્યું તો મોત મળ્યું

સુરતઃ સચિન હોજીવાલાની ખાનગી કંપનીની ગુડ્સ લિફ્ટમાં જઈ રહેલા કામદારનું માથું દીવાલ સાથે ફસાઈ જતા મોત થયું હતું.

મૂળ રાજસ્થાન જાલોદના વતની શૈલેષ તેજારામ મેઘવાલ (26 વર્ષ) સચિન હોજીવાલા રોડ નંબર-2માં રહી ખાનગી કંપનીમાં ધાગા કટિંગનું કામ કરતો હતો. બુધવારે રાત્રે તે કંપનીની ગુડ્સ લિફ્ટમાં ગ્રાઉન્ડ ફ્લોરથી ઉપરના માળે જતો હતો. દરમિયાન નીચેથી કોઈએ શૈલેષને બૂમ પાડી હતી. જેથી તેએ ચાલુ લિફ્ટમાં માથું બહાર કાઢતા બિલ્ડિંગના બીમ સાથે ફસાઈ ગયો હતો. ગંભીર ઈજાને પગલે તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ અંગે વધુ તપાસ સચિન પોલીસ કરી રહી છે.

# ૩૦થી વધુ કેમેરા ચેક કરી પોલીસે ગુમ બાળકીને શોધી કાઢી

**પુણામાં** રમતા રમતા ૧૩ વર્ષીય બાળકી ગુમ થઇ ગઇ હતી

સુરતઃ પુણાગામમાં ઘર આંગણે રમતા રમતા અચાનક લાપતા થયેલી ૧૩ વર્ષીય કિશોરીને પુણાગામ પોલીસે ગણતરીના કલાકોમાં જ શોધી કાઢી તેના માતા-પિતા સાથે મિલન કરાવ્યું હતું. જેના માટે પોલીસે ૩૦થી વધુ કેમેરા ચેક કરવા પડ્યા હતાં.

પુણાગામ વિસ્તારમાં આવેલા આશાનગરમાં રહેતા એક પરિવારની ૧૩ વર્ષીય પુત્રી બે દિવસ પહેલા પોતાના ઘરની બહાર રમી રહી હતી. દરમિયાન તે અચાનક ક્યાંક ચાલી ગઈ હતી. લાંબા સમય સુધી પુત્રી ન દેખાતા પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં અને સંબંધીઓને ત્યાં તેની શોધખોળ હાથ ધરી હતી. જોકે, કલાકોની શોધખોળ બાદ પણ બાળકીનો કોઈ પત્તો ન લાગતા માતા-પિતા ભારે ચિંતામાં મુકાયા હતા અને અનિચ્છનીય ઘટનાની આશંકાએ ફફડી ઉઠ્યા હતા.હારી-થાકીને પરિવારજનો પુણાગામ પોલીસ મથકે પહોંચ્યા હતા અને સમગ્ર હકીકત જણાવી હતી. પોલીસે મામલાની સંવેદનશીલતા સમજી તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી આશાનગર અને તેની આસપાસના રસ્તાઓ પર લાગેલા ૩૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ઝીણવટપૂર્વક તપાસ્યા હતા. સીસીટીવી ફૂટેજ અને સ્થાનિક બાતમીદારોની મદદથી પોલીસે ગણતરીના સમયમાં જ બાળકીનું લોકેશન મેળવી લીધું હતું. અને તેને શોધી કાઢી માતા-પિતાને સોંપી હતી.

**સુડોકુ ૬૪૯૩ - 'શ્રુતિ'**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૯ | | ૧ | | | | |
| ૬ | ૮ | ૨ | ૩ | | | | | |
| ૭ | | ૧ | | ૪ | ૮ | ૯ | ૩ | |
| ૪ | | ૫ | | ૩ | ૧ | | | |
| ૨ | ૬ | | ૭ | | ૪ | | | |
| ૧ | ૩ | | ૫ | | ૨ | | ૯ | ૮ |
| | | ૪ | | ૨ | | ૬ | | ૫ |
| ૮ | ૧ | ૬ | | ૭ | | | ૨ | ૯ |
| ૫ | ૨ | | | ૮ | ૬ | ૧ | | ૪ |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ઉનાળાનું અમૃત**

ઉનાળાનું છઠ્ઠુ અમૃત! લીલું લીલું તરબૂચ! તેના શરબત પીવાથી દૂર થાય, ઓછા પેશાબની ગૂંચ.

### આજનું પંચાંગ

**તા. 10/04/2026, શુક્રવાર**
**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વિક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિઃ** વદઃ આઠમઃ 23:16, કાલાષ્ટમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્રઃ 20
**યોગ :** શિવ **કરણઃ** બાવલ
**નક્ષત્ર :** પૂ.ષા.:11:28
**રાશિઃ** ધન (ભ,ધ,ફ,ઢ) 18:05 પછી મકર (ખ.જ.)
**દિવસ :** મિશ્ર - મંગળ પૂર્વોદય, બુધ મીનમાં 25:14થી
**સુરતમાં સૂર્યોદય :** 06:25 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
**નવકારસી :** 07:13
**પારસી વર્ષ :** 1395 આવાં માસનો 29મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 21મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે :10:30 થી 12:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવાનું બને. પ્રવાસ પર્યટન, શિક્ષણ, આયાત-નિકાસ જેવા કામમાં પ્રગતિ થાય.
**વૃષભ (બ,વ,ઉ,):** સરકારી યોજનાનો લાભ મળે. ઘરમાં ધાર્મિક અનુષ્ઠાનનું આયોજન થાય. અચાનક સફળતા મળે.
**મિથુન (ક,છ,ઘ,):** રોજની આવક વધે. રોજના કામમાં અનુકૂળતા રહે. સામાજિક પ્રવૃત્તિથી શાંતિ મળે. ઘરમાં અવરજવર થાય.
**કર્ક (ડ,હ,):** સરકારી કામમાં પ્રગતિ થાય. નોકરીમાં નવી જવાબદારી વધે. હરીફોની હેરાનગતિ અને ખર્ચા વધશે.
**સિંહ (મ,ટ,):** પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. વિદ્યાભ્યાસમાં નવું શીખવા મળે. મનોરંજન પ્રવાસ થાય.
**કન્યા (પ,ઠ,ણ,):** જમીન કે મિલકતનાં સોદા થઇ શકે છે. નોકરી ધંધાર્થે પ્રવાસ થાય. ઘરમાં વડીલોના ખર્ચા વધશે.
**તુલા (ર,ત,):** પ્રવાસ, ધર્મ-કર્મને લગતા કામની જવાબદારી મળે. ટેક્નોલોજી, શિક્ષણને લગતા કામમાં લાભ થાય.
**વૃશ્ચિક (ન,ય,):** વાણી પર કાબૂ રાખવો. ઘરમાં, અશાંતિ અને ખર્ચા વધશે. અચાનક શુભ સમાચાર મળે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** પડવા-વાગવાથી સાવધાન. મન અતિક્રિયાશીલ રહે. નોકરી ધંધામાં વિઘ્નો આવે. અટકેલાં કામ પાર પડશે.
**મકર (ખ,જ,):** ધાર્મિક પ્રવાસ થાય. માનસિક અશાંતિ અને ખર્ચા વધશે. ગુપ્ત ભય સતાવે. સંતાન ચિંતા રહે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** મિત્રો સાથે આવક વધારવાની યોજના બને. વિજાતિય મિત્રોનો સાથ મળે. અભ્યાસમાં પ્રગતિ.
**મીન (દ,ચ,ઝ,થ,):** ઉપરી વર્ગનો સાથ મળે. સમાજમાં યશ મળે. ધંધામાં આવક વધે. નવી નોકરી મળી શકે છે.

### કોઈ પણ સાલમાં 10 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારનાર અને આરોગ્ય નરમ-ગરમ રાખનાર રહેશે. નવી જવાબદારી, નવા ફેરફાર કામનો બોજ અને નવા હરીફોનો સામનો કરવાનું વધશે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ટેક્નોલોજીનો લાભ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. સંતાનોના અભ્યાસ કેરીયરની ચિંતા સતાવે. ઉઘરાણી અટકે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા આવે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વધારાની આવકની યોજનામાં ચડતીપડતી રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્ય વર્ષમાં પાર પડે. વડીલો-મિત્રોની મદદ મળતી રહે. વારસા, જાયદાદ જમીન જેવાં કામ ધીમાં પડશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડશે. યાત્રા-પ્રવાહ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ, રવિ સોમવાર, 1,10, 28 તારીખે નવાં કામ કરી શકાય. સોનેરી ભૂરો અને કથઇ રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર-શનિવાર, 7, 16, 25 તારીખે નવાં કામ ટાળવો. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો.